અપીલ અરજી નં.૧૪૦ તા.૨૮–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બળવંત.એચ. વરીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત.એચ. વરીયા.ની તા.૨૬–૫–૧૧ની અરજીથી ડભોલી વિસ્તાર વોર્ડ નં ૨ ખાતે આવેલ શ્યામ દર્શન સોસા. ખાતે હાલ કેટલા રો.હાઉસ નો પ્લાન પાસ થયેલ છે.અને આ સો. ખાતે હાલમા કેટલા રો.હાઉસ બનાવવામાં આવેલ છે. તેની વિગત તેમજ જે શ્યામ દર્શન સો. છે તે કુલ કેટલા સર્વે નંબરમાં આવેલી છે. તેમજ કેટલા મકાન (ગાળા અથવા રો. હાઉસ)નો પ્લાન પાસ થયેલ છે અને કયા વર્ષમાં થયેલ છે. તેની ટુકમાં માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૮–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૪૦/૨૦૧૧–૧૨

શ્રી બળવંત.એચ. વરીયા.ની તા.૨૬–૫–૧૧ની અરજીથી ડભોલી વિસ્તાર વોર્ડ નં ૨ ખાતે આવેલ શ્યામ દર્શન સોસા. ખાતે હાલ કેટલા રો.હાઉસ નો પ્લાન પાસ થયેલ છે.અને આ સો. ખાતે હાલમા કેટલા રો.હાઉસ બનાવવામાં આવેલ છે. તેની વિગત તેમજ જે શ્યામ દર્શન સો. છે તે કુલ કેટલા સર્વે નંબરમાં આવેલી છે. તેમજ કેટલા મકાન (ગાળા અથવા રો. હાઉસ)નો પ્લાન પાસ થયેલ છે અને કયા વર્ષમાં થયેલ છે. તેની ટુકમાં માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૫ તા.૧–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અપીલનું કારણ કોઈ જવાબ મળેલ નથી એમ જણાવેલ છે. જયારે બીજી બાજુ અપીલ માટેનું કારણ રૂબરૂ સૂનાવણીમાં બતાવવામાં આવશે એવું જણાવેલ.જે કલમ ૧૯(૧) મુજબ અપીલનું કારણ સ્પષ્ટ થઈ આવવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૪૪૮ તા.૧૩–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૮૪૦ તા.૨૯–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે કોઈ જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૨૮–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અત્રેથી અરજદારને અપીલમાં જણાવેલ બાબતે અપીલનું કારણ કોઈ જવાબ મળેલ નથી એમ જણાવેલ છે. જયારે બીજી બાજુ અપીલ માટેનું કારણ રૂબરૂ સુનાવણીમાં બતાવવામાં આવશે તેવું જણાવેલ છે. જે કલમ–૧૯(૧) મુજબ અપીલનું કારણ આધાર હોય તો તે સહિત સ્પષ્ટ થઈ આવવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ વિગતો રજૂ કરેલ નથી અને તેમ કરવામાં સફળ રહેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૮૪૦ તા.૨૯–૬–૧૧ થી " મોજે ડભોલી રે.સ. નં.૧૨૪/૧ અને ૧૨૪/૨/અ વાળી જમીન પર ટીડીઓ/નં.૨૦ તા.૧૬–૪–૦૨ થી પ્લાન મંજુર કરવામાં આવેલ. મંજુર પ્લાનની વિગતોની ચકાસણી કરતાં રો–હાઉસ ટાઈપ ૧૮૯ ગાળાનું બાંધકામ મંજુર થયેલ . સદર બાંધકામ વર્ષ–૨૦૦૨ પછીનો એટલે કે પ્લાન મંજુર થયા બાદના છે. કતારગામઝોનના ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી આપવામાં આવી છે. તેવું જણાવેલ છે. આમ અરજદારની મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં કેટલા રો હાઉસ પ્લાન પાસ થયા તેની વિગત,સર્વે નંબરોની વિગત તથા કયા વર્ષમાં પાસ થયા તેની વિગત અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે સ્થળ બાંધકામ વર્ષ ૨૦૦૨ પછીના પ્લાન મંજુર થયા બાદનું છે અને સ્થળ ઉપર કેટલા બાંધકામ છે તે બાબતે તે અંગે કોઈ માહિતી આપવાની થતી નથી. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.આમ દફતરી ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલમાહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ હકીતલક્ષી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન),....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી બળવંત એચ. વરીયા,